# આજે સેન્ટ્રલ યુનિવર્સિટી, ગાંધીનગરમાં 'ડૉ. હસુ યાજ્ઞિક અને હું' ભાવાંજલિ સભા યોજાશે


ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતી ભાષા સાહિત્ય કેન્દ્ર, સેન્ટ્રલ યુનિવર્સિટી, ગાંધીનગરમાં તા.૧૮, ડિસેમ્બર ૨૦૨૦ રોજ બપોરે ૧ કલાકે ઓનલાઈન ડો.હસુ યાજ્ઞિકની ભાવાંજલિ સભા યોજવા આવશે.

ડો.હસુ યાજ્ઞિકની યશસ્વી કલમે ગુણવત્તા સભર પુસ્તકો સાહિત્ય જગતને પ્રાપ્ત થયા છે.ભારતીય પ્રાદેશિક ભાષાના લોકસાહિત્ય સાથે ગુજરાતી લોકસાહિત્યનો તુલનાત્મક અભ્યાસ કરનાર સંશોધક તરીકે તેમનું ચિરસ્મરણીય યોગદાન રહ્યું છે.ઉલ્લેખનીય છે કે, સાહિત્ય, સંગીત અને સંશોધનનાં ક્ષેત્રોમાં મોટી ખોટ પડી છે.એક સર્જક, સંશોધક, અધ્યાપક, સંગીતજ્ઞ અને વહીવટકાર તરીકે એમણે ગુજરાતની ઉત્તમ સેવા બજાવી હતી. અધ્યાપનકાર્યની સાથે વાચન, લેખન, પ્રવચન, સંશોધન અને સંપાદનની પ્રવૃત્તિઓ એમણે કરી હતી .

તેમની આ બધી સેવાઓની કદર રૂપે એમને સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માન સન્માન પણ મળ્યા હતાં. આવા એક વિદ્વાન અધ્યાપક, સંનિષ્ઠ સંશોધકને પૂજ્ય મોરારીબાપુ, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રિંહ ચુડાસમા, સેન્ટ્રલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો.રમા શંકર દૂબે,કુલ સચિવ પ્રો.આલોક ગુપ્ત દ્વારા ભાવાંજલિ અર્પણ કરવામાં આવશે. આ સભામાં 'ડો.હસુ યાજ્ઞિક અને હું' અંતર્ગત એમની સાથે જોડાયેલા મહાનુભાવો પોતાના સ્મરણો રજૂ કરશે. જેમાં અકાદમીના અધ્યક્ષ વિષ્ણું પંડ્યા,ચાન્સેલર બળવંત જાની, પૂર્વ કુલપતિ નરેશ વેદ,મણિલાલ હ. પટેલ, જોરાવરસિંહ જાદવ, ભગવાનદાસ પટેલ,હર્ષદ ત્રિવેદી,અજય રાવલ, મહેન્દ્રસિંહ પરમાર, ભરત પંડ્યા,પ્રશાંત પટેલ, મનોજ રાવલ, નિરંજન રાજ્યગુરુ, ઉર્વશી પંડ્યા, ડાહ્યાભાઈ વાઢુ,પ્રિ. મોહનભાઈ પટેલ, યુવા ઐયર વગેરે સર્જકો, સંશોધકો, અભ્યાસુઓ હસુ યાજ્ઞિકને શબ્દાંજલિ આપશે. આ ઓનલાઈન યોજાનાર કાર્યક્રમમાં www.facebook.com/cugadmin લિંક પર સુજ્ઞજનો જોડાઈ શકશે.તેમ ગુજરાતી ભાષા સાહિત્ય કેન્દ્રના અધ્યક્ષ ડો.રાજેશ મકવાણા અને ડો.અજયસિંહ ચૌહાણ દ્વારા જણાવાયું છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા 'સ્ટ્રેસ મેનેજમેન્ટ' પર વેબીનાર યોજાયો




ગાંધીનગર, તા. ૧૭

મનોવિજ્ઞાન વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા તા.૧૬ ડીસેમ્બર, ૨૦૨૦ના રોજ 'સ્ટ્રેસ મેનેજમેન્ટ' પર એક વેબીનારનું આયોજન થયું હતું. જેમાં વર્તમાન પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને સામાન્ય વ્યક્તિએ રોજીંદા જીવનમાં સ્ટ્રેસને કેવી રીતે મેનેજ કરવો તેની વિસ્તૃત છણાવટ થઈ હતી. કાર્યક્રમના સ્વાગત પ્રવચનમાં યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. અશોકભાઈ એન. પ્રજાપતિએ વેબીનારમાં ફેસબુકના માધ્યમથી જોડાનાર તમામ સહભાગીઓને આવકાર્યા હતા. કાર્યક્રમના સંયોજક મનોવિજ્ઞાન વિભાગના વડા અને ડાયરેક્ટર પ્રો.બી.ડી.ઢીલાએ સમગ્ર કાર્યક્રમનું સંયોજન કર્યું હતું અને કાર્યક્રમની આભારવિધિ કરી હતી. યુનિવર્સિટીના અધ્યાપક ડૉ. રોનકકુમાર આર. પરમારે સ્ટ્રેસને કેવી રીતે મેનેજ કરવો તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. શેબા શુક્લાએ કર્યું હતું.

# રાજયમાં રમતવીરોને વર્ગ-૩ અને ૪માં ભરતીમાં અગ્રતા આપવા રજૂઆત











ગાંધીનગર, તા. ૧૭ કેન્દ્ર સરકારના ધોરણે ગુજરાતમાં પણ ૬૩ રમતોના સિદ્ધિ પ્રાપ્ત રમતવીરોને વર્ગ ૩ અને વર્ગ ૪ ની ભરતીમાં લાભ મળે તે માટે ગાંધીનગર માં ૨૪૦ અને પાટણમાં ૩૫૦ જેટલા મેડાલીસ્ટ ખેલાડીઓની સહી સાથે રજુઆત કરવામાં આવી હતી. જેમાં તા.૧૪/૧૨/૨૦૨૦ના રોજ ગાંધીનગર અને પાટણ જિલ્લાના કલેકટરશ્રીને તથા ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા ચંદનજી ઠાકોર અને ભુતપુર્વ સાંસદ જગદીશ ઠાકોરને તેમજ તા. ૧૫/૧૨/૨૦૨૦ના રોજ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય સી.જે. ચાવડાને રજુઆત કરવામાં આવી હતી. અગાઉ આણંદ કલેકટરને ૩૫૦ મેડાલીસ્ટ રમતવીરો તથા મહેસાણા કલેકટરને તથા ધારાસભ્ય રૂશીભાઈ પટેલ ને ૪૩૦ જેટલા ખેલાડીઓની સહી સાથે પ્રતિનિધિઓએ રજુઆતો કરી હતી.

વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ પર ગુણવત્તા ધરાવતા રમતવીરોને નિમણૂંક માટે લેખિત કસોટીના ગુણની કુલ સંખ્યાના ૫ % (પાંચ ટકા) થી વધુ નહી તેટલા ગુણ ઉમેરીને પસંદગી આપી શકાશે તેવું ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઉપરોક્ત સંદર્ભ દર્શિત ક્રમ ૧ થી ૩ મુજબના ઠરાવોથી ૨૫ રમતો માટે ઠરાવવામાં આવેલ છે. આ બાબતનો છેલ્લો ઠરાવ વર્ષ ૨૦૦૧ માં થયેલ છે. ૨૦૦૧ થી અત્યાર સુધી કોઈ સમીક્ષા થયેલ નથી તેમજ ૨૦ વર્ષના ગાળામાં કોઈ રમતોનો સમાવેશ થયેલ નથી.

ભારત સરકાર દ્વારા વખતો વખત રમતોનો ઉમેરો કરવામાં આવેલ છે. જેમાં તાજેતરમાં સંદર્ભ દર્શિત ૪ મુજબના ઓફિસ મેમોરેન્ડમથી વધુ કુલ ૬૩ રમતોનો ગ્રુપ-સીની ભરતી માટે સમાવેશ કરવામાં આવેલ છે. માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબના પગલાને અમો આવકારીએ છીએ અને દેશની જનતા તથા લાખો રમતવીરોએ નોંધ લઈ આભાર વ્યક્ત કર્યો હતો.

**સરકારી વિજ્ઞાન કોલેજમાં ફિનિશિંગ સ્કૂલ પ્રકલ્પ અંતર્ગત**

# "Life Skill, Employabilty Skill and English Functional Skill" વિષય પર વેબીનાર યોજાયો




ગાંધીનગર, તા. ૧૭

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર કોલેજના બીજા તેમજ અંતિમ વર્ષમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને, ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરાયેલ તથા હાલમાં કાર્યરત એવા "ફિનિશિંગ સ્કૂલ" પ્રકલ્પ અંતર્ગત વિદ્યાર્થીઓમાં Life Skill, Employability Skill and English Functional Skillનો વિકાસ થાય અને આ પ્રકલ્પમાં મહતમ વિદ્યાર્થીઓએ જોડાય એ હેતુથી ફિનિશિંગ સ્કૂલની તાલીમ અંગેની સંપૂર્ણ માહિતી આપવા માટે વેબીનાર નું આયોજન કરવામાં આવેલ. તાલીમ વિષેની સંપૂર્ણ માહિતી કેસીજી (Knowledge Consortium of Gujarat) દ્વારા નિયુક્ત થયેલા empanelled trainers કું. આંચલ જહા અને ડો દિશા પોપટ દ્વારા આપવામાં આવી હતી. સંસ્થાના આચાર્ય ડો. એમ. જી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ, ફિનિશિંગ સ્કૂલના કોર્ડીનેટર ડો યોગીતા પરમાર તથા અન્ય પ્રધ્યાપકોના સહકારથી વેબીનાર સફળતાપૂર્વક પૂર્ણ થયેલ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# ચિલોડા સર્કલે ખેડૂત બિલના સમર્થનમાં યજ્ઞ યોજાયો



ચિલોડા, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાનું મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકે નવનિર્માત ઓવરબ્રીજના વિશાળ ચોકમાં ખેડૂત બિલના સમર્થનમાં ચિલોડા વિસ્તારના આસપાસના જાગૃત ખેડૂતો અને તાલુકાના ભાજપના કાર્યકરો સહિત યજ્ઞમાં હાજરહ્યા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં બીલ પસાર કરવામાં આવ્યું છે. જેનો કેટલાક ખેડૂત સંગઠનો વિરોધ કરી રહ્યા છે. દિલ્હીમાં છેલ્લા ૨૧ દિવસ ઉપરાંતથી વિરોધનો વંટોળ ચાલી રહ્યો છે. ત્યારે ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા ખાતે તાલુકા ભાજપના કાર્યકરો અને ખેડૂતો દ્વારા ખેડૂત બિલના સમર્થનમાં યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રદેશ કિસાન મોરચાના મહામંત્રી હિતેન્દ્રભાઈ પટેલ, ગોવિંદભાઈ સોલંકી, રમેશભાઈ પટેલ, લાલભાઈ ચૌધરી, જૈમિન પટેલ, દિનેશભાઈ પટેલ, શામળભાઈ પટેલ, વિષ્ણુભાઈ વકીલ સહિત કાર્યકરો અને ખેડૂતોએ ઉત્સાહપૂર્વક યજ્ઞમાં ભાગ લઈ બીલના સમર્થન આપ્યુંહતું.

# ડૉ. બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપનાર ગુજરાતી ૩૫ કવિઓને સમ્માનિત કરાયા



ગાંધીનગર,તા. ૧૭

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ પર તારીખ ૬ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ સવારે ૯ વાગ્યે ડૉ બાબા સાહેબ આંબેડકર ની પુણ્ય તિથિ નિમિત્તે ગુજરાતી કવિ સંમેલન ઑન લાઈન આયોજિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં ભાગ લઈ કુલ ૩૫ કવિઓ એ પોતાની કવિતા ઓ પ્રસ્તુત કરી ડૉ આંબેડકર ને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તેઓને સન્માન પત્ર આપી સમ્માનિત કરવા માટે તારીખ ૧૫ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ સાંજે ચાર વાગ્યે કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ માં સરસ્વતી વંદના મિનુંસર દાના દ્વારા કરવામાં આવી હતી. ત્યાર બાદ મુખ્ય અતિથિ ડૉ નેહા ઈલાહીબાદી દિલ્લી હિન્દી ઉર્દૂ સાહિત્યકાર અને વિશિષ્ટ અતિથિ શ્રી મૂળજી ભાઈ પરમાર 'દધિ' સહિતય કાર ગાંધીનગર નું મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ કવિ લેખક અને અનુવાદક હિન્દી ગુજરાતી, નશા મુક્તિ અભિયાન પ્રણેતા તેમજ મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ યોજનાર ભૂત પૂર્વ ઓફિસ સુપ્રિટેન્ડેંટ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી ઓફિસ તથા ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ ના ઉપ પ્રમુખ દ્વારા દ્વારા શબ્દો રૂપી પુષ્પો થી બંને અતિથિ ઓ નું સ્વાગત કરવામાં આવ્યું હતું.ડૉ ગુલાબ ચન્દ પટેલ એ જણાવ્યું હતું કે ડૉ બાબા સાહેબ આંબેડકર ની પુણ્ય તિથિ નિમિત્તે ગુજરાતી તથા હિન્દી માં મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા સૌ પ્રથમ યોજવામાં આવ્યો છે જેનું ગૌરવ છે એમ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ ડૉ નેહા ઈલાહીબાદી તથા વિશિષ્ટ અતિથિ મૂળજીભાઈ પરમાર દધિ એ સંસ્થા તેમજ સંસ્થાના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલની સેવાઓ ને બિરદાવી હતી અને કવિઓને સમ્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ નું ખૂબજ સુંદર રીતે સંચાલન રોશન ધરા કાનોદર પાલનપુર દ્વારા કરવામાં આવ્યું હતું, તેઓના સંચાલન થી કાર્યક્રમ ને ચાર ચાંદ લગાવ્યા હતા. આ પ્રસંગે ખંભોળજ સાહિત્ય સંસ્થા આણંદ ના અધ્યક્ષ શૈલેષ વાણિયા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલની સેવાઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા જણાવેલ હતું કે આ પ્રકારનો ડૉ બાબા સાહેબ આંબેડકર ની પુણ્ય તિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપવા નો કાર્યક્રમ ભારત દેશ મા સૌ પ્રથમ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા યોજવામાં આવ્યો છે તે વાત ને પોતાનું સમર્થન કર્યું હતું. અંત માં પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા રાષ્ટ્ર ગીત રજૂ કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.



એસ.એસ.વી કેમ્પસ, સેક્ટર-૩, ગાંધીનગરમાં સ્કૂલના વિદ્યાર્થીઓએ ઓનલાઈન શિયાળાની ઋતુમાં મળતા લીલા શાકભાજી આપણા શરીર માટે કેટલા જરૂરી છે. તેનું મહત્વ સમજાવવા અને તે ખાવા માટે બાળકોને પ્રેરીત કરવા માટે વિદ્યાર્થીઓ દ્વારા સલાડ ડેકોરેશનની પ્રવૃત્તિ કરી હતી.

## જન્મદિને વધામણી



**દીપકભાઈ ભટ્ટ**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૭૧૨૯ ૮૫૨૯૯



**ડો. વિષ્ણુભાઈ પટેલ**
ગાયનેકોલોજીસ્ટ
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૧૯૮૩૮૧



**અશ્વિનકુમાર ગોવિંદલાલ પારેખ**
હેર ડ્રેસર, પારેખ બાર્બર સોપ
મો. ૯૮૨૪૫ ૩૧૯૧૮



**મીત ગજ્જર**
મેન્ટલ એરેથમેટિક એવોર્ડી
મો. ૯૮૨૪૫ ૩૧૯૧૮



**વિવેક રાવલ**



**બલદેવભાઈ ગોરધનભાઈ પટેલ**
મો.૮૭૩૪૦ ૮૯૮૧૧



**આરોહી એમ પટેલ**
મો.૯૯૨૫૨ ૭૯૫૫૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક